INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૪-૧૦-૨૦૨૫**

## મંદી, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર સામે જનતાના હક્ક અધિકારની લડાઈને બુલંદ કરવા કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાતમાં તમામ ૧૮૨ વિધાનસભા દીઠ "જન આક્રોશ સભા" યોજાશે.

### પ્રથમ ચરણના ભાગરૂપે દહેગામ તથા શામળાજીમાં જનતાના અભૂતપૂર્વ સમર્થન સાથે જનઆક્રોશ સભા સંપન્ન.

- **ગુજરાતના નાગરિકોને ન્યાયની સાથે હક અને અધિકાર મળે તે માટે રચનાત્મક-આંદોલનાત્મક કાર્યક્રમોના આયોજન કરાશેઃ શ્રી મુકુલ વાસનિક**
- **ગુજરાતમાં રસ્તામાં ખાડા નહિ પરંતુ આખી સરકાર ખાડે ગઈ છે : શ્રી અમિત ચાવડા**
- **મંદી,મોંઘવારી,ભ્રષ્ટાચાર અને બેરોજગારી ચારે તરફ વધી છે : શ્રી અમિત ચાવડા**
- **યુવાનોને રોજગાર આપવાની જગ્યાએ પેપરલીક અને ભરતીપરિક્ષામાં ભેદભાવ થઈ રહ્યા છેઃ શ્રી અમિત ચાવડા**
- **વોટચોરોને ખુલ્લા પાડવા અને મતના અધિકારની રક્ષા માટેના સહિ અભિયાનને ગુજરાતમાં અભૂતપૂર્વ જનસમર્થન મળી રહ્યું છે : શ્રી અમિત ચાવડા.**
- **ગુજરાતમાં બેરોજગારી, મોંઘવારી, મહિલા સુરક્ષા, ખેડૂતો, આદિવાસીઓના પ્રશ્નો સહિત મહત્વના મુદ્દાઓને આક્રમકતાથી રજૂ કરવામાં આવશેઃ ડૉ. તુષાર ચૌધરી.**

ગુજરાત કોંગ્રેસ દ્વારા મંદી, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર સામે જનતાના હક્ક અધિકારની લડાઈને બુલંદ કરવા સમગ્ર ગુજરાતમાં વિધાનસભા દીઠ "જન આક્રોશ સભાના" આયોજન કરવાના ભાગરૂપે દહેગામ તથા શામળાજી ખાતે જન આક્રોશ સભા યોજાઈ.

ઉપરોક્ત જન આક્રોશ કાર્યક્રમમાં રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી, ગુજરાત સંગઠન પ્રભારી અને સાંસદશ્રી મુકુલ વાસનિકજી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ભરતસિંહ સોલંકી, એ.આઈ.સી.સી.ના CWC સભ્ય શ્રી જગદીશભાઈ ઠાકોર, સહપ્રભારી શ્રી સુભાષીની યાદવ, સહપ્રભારી શ્રી રામકીશન ઓઝા, ગાંધીનગર જિલ્લા પ્રમુખ શ્રી અરવિંદસિંહ સોલંકી, મહેસાણા જિલ્લા પ્રમુખશ્રી બળદેવજી ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી બાબુજી ઠાકોર, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા પ્રમુખશ્રી અરૂણકુમાર પટેલ, પ્રદેશ અગ્રણીશ્રી નીશીત વ્યાસ, શ્રી પંકજ પટેલ, પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ સહિતના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

સભામાં સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે "ગુજરાતમાં છેલ્લા 3 દાયકાથી શાસન કરતી ભાજપની સરકાર દરેક મોર્ચે નિષ્ફળ નીવડી છે. તમામ વર્ગ વિસ્તારના લોકો ભેદભાવ અને અન્યાયનો ભોગ બન્યા છે અને એના કારણે આજે દરેક વ્યક્તિ દુઃખ અને આક્રોશમાં છે. મંદી, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી ચારે તરફ વધી છે, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે, ખેડૂતોની આર્થિક હાલત

ખૂબ ખરાબ છે, ધંધા-વ્યાપાર ચોપટ થઇ રહ્યા છે. દારૂ અને ડ્રગ્સની બદી વધી રહી છે. યુવાઓને રોજગાર જોઇએ, પણ તેની જગ્યાએ પેપર લીક અને ઇન્ટરવ્યુમાં ભેદભાવ થાય છે.

તમામ લોકોની તકલીફોને વાચા આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ રાજ્યના તમામ 182 વિધાનસભા વિસ્તારોમાં જન આક્રોશ સભાઓ દ્વારા લોકોના અવાજને બુલંદ કરવાનો સંકલ્પ કર્યો છે. આજ દહેગામથી એની શુભ શરૂઆત કરવામાં આવી છે.

તમામ નેતા-કાર્યકર્તાઓએ લોકોના હક્ક અધિકાર અને સંવૈધાનિક અધિકારોની રક્ષા માટે લડવાનો સંકલ્પ લીધો છે. વોટચોરોને ખુલ્લા પાડવા અને મતના અધિકારની રક્ષા માટેનું આ અભિયાન ઘર ઘર સુધી લઈ જઈ સફળ બનાવાશે આજે રાજ્યમાં ચારે તરફ ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે, રસ્તામાં ખાડા નહિ પરંતુ આખી સરકાર ખાડે ગઈ છે. લોકોના આક્રોશને લઈને આવનારા દિવસોમાં કોંગ્રેસ લોકો વચ્ચે જઈ સરકાર સામે જનઆંદોલન ઊભું કરવા કટીબધ્ધ છે.”

મંદી, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર સામે જનતાના હક્ક અધિકારની લડાઈને બુલંદ કરવા કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાતમાં વિધાનસભા દીઠ "જન આક્રોશ સભા" યોજવાના ભાગરૂપે આજે દહેગામ તથા શામળાજી ખાતે જનઆક્રોશ સભા સંપન્ન થઈ હતી. આવતી કાલે તા. ૫ ઓક્ટોબર, ૨૦૨૫ રવિવારના રોજ કાંકરેજ-બનાસકાંઠા અને સરસ્વતી-પાટણ ખાતે તથા તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ સોમવારના રોજ દાહોદ અને સંતરામપુર-મહિસાગર ખાતે જન આક્રોશ સભા યોજાનાર છે.


હેમાંગ રાવલ
મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા
9898233038


**બિડાણઃ દહેગામ તેમજ શામળાજી ખાતે યોજાયેલ જનઆક્રોશ સભાના ફોટોગ્રાફ્સ**